* ઉમેદવારોએ અરજીપત્રક યોગ્ય રીતે ભરીને તથા જરૂરી બિડાણો સાથે જે આર.આર.બી.ને, અરજી કરવા ઇચ્છતા હોય તેને છેલ્લી તારીખ પહેલાં સાદી ટપાલથી મોકલી આપવા. છેલ્લી તારીખ અને સમય બાદ મળેલી અરજી કોઈપણ કારણસર સ્વીકારવામાં આવશે નહિ. સ્પીડ પોસ્ટ/કુરિયર/રજીસ્ટર્ડ એડીથી મોકલેલી અરજીની પહોંચ આપવામાં આવશે નહિ અને આવી અરજીઓ આર.આર.બી. ખાતે રાખેલા બોક્ષમાં જમા કરાવેલી છે એમ માનવામાં આવશે.
* ઉમેદવાર સબંધીત આર.આર.બી. ના સંકુલમાં રાખવામાં આવેલ એપ્લિકેશન બોક્ષમાં પણ અરજી નાખી શકશે.

**❑ અરજી મોકલવાનું સરનામું/અરજી ફી મોકલવાની વિગત :**

| RRB | Website Address & Telephone Numbers | Application to be addressed to | DDs / IPOs to be drawn in favour of |
|---|---|---|---|
| Ahmedabad | www.rrbahmedabad.gov.in Phone: 079-22940858 | The Assistant Secretary, Railway Recruitment Board, First Floor, Meter Gauge, Railway Station Building, Ahmedabad - 380 002 | The Assistant Secretary, Railway Recruitment Board, Ahmedabad payable at Ahmedabad |
| Ajmer | www.rrbajmer.org Phone: 0145-2423292 | The Assistant Secretary, Railway Recruitment Board, 2010 Nehru Marg, Near Ambedkar Circle, Ajmer, Rajasthan-305028 | The Assistant Secretary, Railway Recruitment Board, Ajmer payable at Ajmer |
| Bhopal | www.rrbbhopal.gov.in Phone: 0755-2746660 | The Assistant Secretary, Railway Recruitment Board, East Railway Colony, Bhopal -462053 | The Assistant Secretary, Railway Recruitment Board, Bhopal payable at Bhopal |
| Mumbai | www.rrbmumbai.gov.in Phone: 022-23090422 | The Assistant Secretary, Railway Recruitment Board, Divisional Office Compound, Mumbai Central, Mumbai-400 202 | The Assistant Secretary, Railway Recruitment Board, Mumbai payable at GPO Mumbai |

**❑ અરજી ફી :**

* મહિલા ઉમેદવારો સહિત અ.જા./અ.જ.જા./ એક્સ સર્વિસમેન/ લઘુમતિ વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની નથી. તદ્ઉપરાંત વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ થી ઓછી આવક ધરાવતા આર્થિક રીતે નબળાં ઉમેદવારોએ પણ અરજી ફી ભરવાની રહેતી નથી, પરંતુ આ હેતુ માટે આવા ઉમેદવારોએ પરિશિષ્ટ-૭ મુજબ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી છે.
* સામાન્ય વર્ગ, અ.પ.વ.ના ઉમેદવારોએ અરજી ફી તરીકે રૂા. ૪૦ ચૂકવવાના રહેશે. અરજી ફી બિન પરત મળવાપાત્ર છે. અરજી ફી સબંધીત આર.આર.બી. ના મેમ્બર સેક્રેટરી/સેક્રેટરી/ આસિ. સેક્રેટરીના નામ ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ/ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડરના માધ્યમથી સબંધિત આર.આર.બી. જ્યાં હોય તે શહેરમાં (દા.ત. આર.આર.બી.-અમદાવાદ માટે અમદાવાદ ખાતે ચૂકવવાપાત્ર) ચૂકવવાપાત્ર મોકલવો.
* ડીડી/પોસ્ટલ ઓર્ડર છ માસની યોગ્યતા ધરાવતો હોવો જોઈએ એટલે કે ડીડી./પી.ઓ. તા. ૩૦-૧-૨૦૧૦ પૂર્વે અથવા તા. ૨-૩-૨૦૧૦ બાદ ખરીદાયેલો ન હોવો જોઈએ.
* ડી.ડી.ની પાછળ/પી.ઓ.ની આગળ ઉમેદવારે સેન્ટ્રલાઈઝ એમ્પ્લોયમેન્ટ નોટિસ નં., જે જગ્યા માટે અરજી કરી હોય તેનું નામ, કેટેગરી નં., સ્વયંનું નામ, સરનામું ખાસ લખવું.

**❑ પસંદગી પ્રક્રિયા :**

* ઉમેદવારો લેખિત પરીક્ષા માટે સ્થાનિક ભાષા પસંદ કરી શકે છે. દા.ત. ગુજરાતના ઉમેદવારો ગુજરાતી ભાષા પસંદ કરી શકે છે. ઉમેદવારોને પ્રશ્ન પુસ્તિકા અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ અને સ્થાનિક ભાષામાં પ્રશ્નો છાપેલા આપવામાં આવશે.
* ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષાના આધારે તૈયાર થનાર મેરીટના આધારે થશે. લેખિત પરીક્ષા બાદ ઉમેદવારોની એપ્ટિટ્યૂડ ટેસ્ટ પણ યોજાશે. લેખિત પરીક્ષા, એપ્ટિટ્યૂડ ટેસ્ટના અંતે યોગ્ય જાહેર થયેલા ઉમેદવારોને અસલ પ્રમાણપત્રોની ખરાઈ માટે બોલાવવામાં આવશે.
* પરીક્ષાનો અભ્યાસક્રમ ખાસ કરીને જગ્યાને સબંધીત શૈક્ષણિક સ્તર અને/અથવા ટેકનિકલ લાયકાતવાળો રહેશે.
* પરીક્ષા હેતુલક્ષી પ્રકારની રહેશે તેમાં બહુવિકલ્પ આધારિત ઉત્તરોવાળા પ્રશ્નો રહેશે. તેમાં જનરલ નોલેજ, જનરલ અંગ્રેજી/ હિન્દી, જનરલ એરીથમેટિક, એનાલિટીકલ અને ક્વોન્ટિટેટિવ સ્કીલ તથા જગ્યાને અનુરૂપ લઘુત્તમ શૈક્ષણિક લાયકાતને લગતા પ્રશ્નો પૂછવામાં આવશે.
* પરીક્ષાનો સમય ૧૨૦ પ્રશ્નો માટે દોઢ કલાકનો રહેશે. પરીક્ષામાં દર ત્રણ ખોટા જવાબો બદલ એક ગુણ નકારાત્મક ગુણ તરીકે કાપવામાં આવશે.
* લેખિત પરીક્ષા અને એપ્ટિટ્યૂડ ટેસ્ટ માટેની તારીખ, સમય અને સ્થળ વિશે યોગ્યતા ધરાવતા ઉમેદવારોને પછીથી જણાવવામાં આવશે.
* પસંદ થયેલા ઉમેદવારને રેલવે વહીવટીતંત્ર દ્વારા આયોજીત મેડિકલ ફીટનેસ ટેસ્ટ, લાયકાતોની અંતિમ ખરાઈ, જાતિની ખરાઈ, ચારિત્ર્યની ચકાસણી બાદ જ નિમણૂક અપાશે.
* આર.આર.બી. દ્વારા લેખિત પરીક્ષા, ઈન્-પરીક્ષા, સ્કીલ અને એપ્ટિટ્યુડ ટેસ્ટ, પ્રમાણપત્રોની ચકાસણી, દ્રષ્ટિ કસોટી અને ઈન્ટરવ્યૂની તારીખ અને સ્થળ નક્કી કરાશે અને યોગ્ય ઉમેદવારોને તેની જાણ ટપાલ દ્વારા કરાશે.
* આર.આર.બી.ને વધારાની લેખિત પરીક્ષા અને/અથવા ઈન્ટરવ્યૂ અથવા પુનઃ પરીક્ષા લેવાનો અથવા લેખિત પરીક્ષાનો કોઈ ભાગ રદ કરવાનો અબાધિત અધિકાર છે.
* કોઈપણ સંજોગોમાં પરીક્ષા મુલત્વી રાખવાની અને કેન્દ્ર કે તેનું સ્થળ બદલવાની ઉમેદવારની વિનંતી ગ્રાહ્ય રખાશે નહીં.

**❑ અરજી મોકલતાં પહેલાં ધ્યાનમાં લેવાના મુદ્દા :**

ઉમેદવારોએ અરજી મોકલતાં પહેલાં અરજી રદબાતલ ન થાય તે માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

* અરજી મોકલવાના કવર પર Application for the Post of ASSISTANT LOCO PILOT, Category No. 1, Centralised Employment Notice No. 01/2010. Community (ST, SC,OBC,Ex SM)" લખવું.
* ઉમેદવારોએ અરજીપત્રક અને ઈન્ફોર્મેશન શીટ નિયત કર્યા મુજબનું તૈયાર કરવાનું રહેશે.
* ઉમેદવારે બ્લોક લેટર્સમાં નહીં તેવી સહીઓ કરવાની રહેશે.
* અરજીપત્રક અને ઈન્ફોર્મેશન શીટની બધી વિગતો સંપૂર્ણ ભરવાની રહેશે.
* બિનઅનામત/અ.પ.વ. ઉમેદવારોના કિસ્સામાં પરીક્ષા ફી માટે નિયત રકમનો આઈ.પી.ઓ./ડી.ડી. બિડવાનો રહેશે અને તેની વિગતો ઈન્ફોર્મેશન શીટની કોલમ નં. ૫ માં દર્શાવવાની રહેશે.
* જન્મ તારીખ, જરૂરી લઘુત્તમ શૈક્ષણિક અને ટેકનિકલ લાયકાત, જાતિ અને માજી સૈનિકને લગતા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ બીડવાની રહેશે.
* અ.પ.વ.ના ઉમેદવારોએ પરિશિષ્ટ-૪ મુજબ નિયત જાતિ પ્રમાણપત્ર ક્રિમીલેયર સહિત તેમજ પરિશિષ્ટ-૫ મુજબ અ.પ.વ. ઉમેદવારોએ ડેકલેરેશન આપવાનું રહેશે.
* ઉમેદવારોએ અરજી ફોર્મમાં નિયત જગાએ તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવવો. તેમજ આવા ફોટાની એક વધારાની કોપી અરજી સાથે બીડવાની રહેશે.
* ઉમેદવારોએ અરજીપત્રક અને ઈન્ફોર્મેશન શીટમાં ડાબા હાથના અંગુઠાની નિશાની સ્પષ્ટ પાડવાની રહેશે.
* અરજીમાં નિયત જગાએ સ્થળ અને તારીખ દર્શાવવા.
* ઈન્ફોર્મેશન શીટના કોલમ નં. ૧૩માં ઉમેદવારોએ તેમના સ્વહસ્તાક્ષરમાં ડેકલેરેશન આપવાનું રહેશે.

**❑ સામાન્ય સૂચનાઓ :**

* બધા પુરૂષ ઉમેદવારોએ રેલવે યુનિટની ટેરીટોરીયલ આર્મી સર્વિસમાં સક્રિય ભાગ લેવાનો રહેશે.
* લેખિત પરીક્ષા / એપ્ટિટ્યુડ ટેસ્ટ / વિઝન ટેસ્ટ / ઈન્ટરવ્યૂ/ પ્રમાણપત્રો અને ઉમેદવારોની ચકાસણી બાદ પસંદગી પામેલ ઉમેદવારોએ નિમણૂક પહેલાં તબીબી પરીક્ષા પસાર કરવાની રહેશે.
* પસંદગી પામેલ ઉમેદવારોએ નિયત સમયમાં જરૂરી તાલીમ લેવાની રહેશે. આ દરમિયાન તેઓને સ્ટાઈપેન્ડ મળવા પાત્ર થશે.
* પસંદગી પામેલા ઉમેદવારોને નિયત તાલીમ સફળતાપૂર્વક પસાર કર્યા બાદ ઉપલબ્ધ જગાને અનુરૂપ કાયમી કરાશે.
* પસંદગી પામેલા ઉમેદવારોની નિમણૂક સમયે ભારતીય રેલવેની જરૂરિયાત મુજબ પોસ્ટીંગ કરાશે.
* કોઈપણ કાયદાકીય તકરાર માટેનું ન્યાયનું ક્ષેત્ર સબંધિત આર.આર.બી. ક્ષેત્રમાં આવેલ સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલ, રહેશે.
* અર્થઘટન સંબંધી કોઈપણ બાબત માટે રોજગાર સૂચનાની અંગ્રેજી પ્રત માન્ય રહેશે.

**ચેર પર્સન્સ,**
**રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડસ,**

●

## Proforma for Medical Certificate to be obtained from an Eye Specialist by Candidates applying for posts of Asstt. Loco Pilot

Affix your recent Passport size Colour Photograph (size- 4cmx5cm) (The Photograph should not be more than 3 months old) photo should be attested by eye specialist

(Strike out category and post not applicable)

I have checked up Smt../Shri/Kumari ...................................................... who has applied for post of Assistant Loco Pilot in Railways. Acuity of vision/colour vision of Smt../Shri/ Kumari ............................................................ has been tested in view of the following standards required for appointment on the Railways.

Sign of Candidate

| Post | Class | Distant Vision | Near Vision | Colour Vision on Ishihara |
|---|---|---|---|---|
| Assistant Loco Pilot | A-1 | 6/6, 6/6 without glasses (With fogging test) (Must not accept+2D) | Sn 0.6 / 0.6 without glasses | Normal |

Smt../Shri /Kumari ............................................................................................................ fully conforms to the above vision standards.

**Name of the eye Specialist : ............................................. Signature of Eye Specialist**

**Registration No. of the eye Specialist ................................ Seal of the eye specialist**

Place :

Date :

➲

## RAILWAY RECRUITMENT BOARD,

Roll No. (For Official use only)

**APPLICATION FORM FOR Employment Notice No. 01/2010**

Control No. (For office Use)

**PLEASE FILL UP THE APPLICATION IN CAPITAL LETTERS IN OWN HANDWRITING.**

Recent colour Photograph (not more than three months old) size - 4 cms x 5 cms (Not to be attested)

Signature of the Candidate

Signature should not be in Capital letters

(All applications must be submitted in A-4 size 80 GSM) (bond paper)

1. CATEGORY No. & POST Cat No. 01 Name of Post Assistant Loco Pilot (for single category)
2. Choice of Railway : (Where ever applicable) 1st 2nd 3rd
3. Medium of examination (Choose any one of the regional languages of concerned RRB as mentioned in Sr. No. 15)
4. NAME OF CANDIDATE :
5. COMMUNITY (Tick ✓) UR OBC* SC ST
   OBC certificate to be submitted in the form as prescribed in Annexure-4 toCentralised Employment Notice (OBC Certificate older than one year from the date of cloure of employment notice & without non creamy layer certification is not valid & will be be rejectd.)
6. FATHER'S NAME :
7. DATE OF BIRTH (DD/MM/YYYY)
8. AGE (as on 01-07-2010) years months days
   (Refer para -2 of Centralised Employment Notice)
9. VISIBLE MARK OF IDENTIFICATION ON BODY
   (To be filled compulsory)
10. Qualification (Fill in only those qualifications prescribed for the post/s applied for)

| (A) Academic | Qualification | University/Board | Year of passing | Subjects | Marks % |
|---|---|---|---|---|---|
| SSC/X/Matric | | | | | |
| Higher Secondary/Inter | | | | | |
| Graduation | | | | | |
| Post Graduation | | | | | |
| Others | | | | | |
| **(B) Technical** | **Qualification** | **University/Board** | **Year of passing** | **Discipline/ Trade** | **Marks %** |
| I.T.I./Apprentice | | | | | |
| Diploma | | | | | |
| Engineering Degree | | | | | |
| Others | | | | | |

11. ADDRESS (FOR CORRESPONDENCE)
    State....................... PIN CODE
12. NEAREST RAILWAY STATION
    (For issue of the free railway pass to SC/ST candidates)

**Left Hand Thumb impression of Candiate in this box**

Signature of the Candidate

Note :1)Candidate must fill up their name father's name and date of birth as indicated in their Matriculation Certificate.
2) Candidate should put their full signature at the places in the same language (in English or in Hindi)

### Railway Recruitment Board, _____________ Information Sheet (For Centralised Employment. Notice. No. 1/2010)

(To be filled in CAPITAL LETTERS ONLY - Signature should not be in Capital/Open letters)

1. Name of Candidate
2. Tick✓ Gender Female Male Marital Status Married Unmarried
3. Nationality
4. Permanent Address :

   State : ________________ PIN Code : ________________

5(a). Details of Postal Orders/Demand Drafts enclosed

| Name of Post Office/Bank | Serial No. and Date | Amount |
|---|---|---|
| | | |

5(B). Are you seeking fee exemption (Yes/No.)
( ) Tick appropriate box from the following
(i) As an economically backward class candidate (Income certifate to be enclosed as per annexure-7)
(ii) As a female candidate
(Iv) As a SC/ST candidate
(ii) As a minority Candidate (Self declaration to be enclosed as per Annexure-8 Muslim Christian Sikh Buddhist Parsi
(v) As an Ex Service man candidate

6. RELIGION : HINDU MUSLIM CHRISTIAN SIKH BUDDHIST JAIN PARSI OTHERS
7. ARE YOU (i) Government Employee Yes No (ii) Ex-serviceman Yes No
8. Present employment (To be filled by all Railway/Central/State/PSU employees)

| Designation & Grade | Date from | Date to | Name & address of Employer |
|---|---|---|---|
| | | | |

9. Ex-Serviceman

| Date of Enrolment | Date of Attestation | Date of Discharge | Length of Service |
|---|---|---|---|
| | | | |

10.

| Do you seek age relaxation (✓) TICK appropriate box | SC | ST | OBC | Judicially separated/divorced women/widow | Course Completed Act Apprentice | J & K Resident | Ex-SM | Railway Employee |
|---|---|---|---|---|---|---|---|---|

11. Whether you were debarred by any RRB in the past (a) No (b) For 2 years (c) For Life
12. Documents attached in proof of : Indicate by (✓) tick mark in the relevant boxes indicated below.
    Community Certificate (for SC/ST/OBC) | IPO/DD | DISCHARGE CERTIFICATE for (Ex-serviceman) | VISION CERTIFICATE (required for the post od Assistant Loco pillot as per Annexure
    Self Declaration from OBC candidates as per Annexture-5 | Qualication Certificate | Matric/SSLC Certificate (for DOB Proof)
    Economically backward class certificate (As per Annexture-7) | Declaration of Minority Community (As per Annexture-8)
13. ‘‘Please copy the following declaration in your own handwriting in running hand in the space provided below :
    "I hereby declare that all the statements made by me in the application are true and correct to the best of my knowledge and belief and nothing has been concealed or suppressed. I also understand that in case, any of my statements is found untrue during any stage of recruitment or thereafter shall disqualify me for the post applied for and/or I shall be liable for any other action under the extant rules’’.

Date : Left Hand Thumb Impression of Candidate Signature of the Candidate

## અન્ય જાહેરખબર

❑ **સ્ટાફ સિલેકશન કમિશન (ઈર્સ્ટન રીજીયન) :**
**જગ્યાનું નામ :** લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન, આસિ. (જનરલ/ લેંગ્વેજ), લાયબ્રેરી ક્લાર્ક (લેબોરેટરી, મેન્ડીંગ, રીપ્રોગ્રાફી, જનરલ)
**જગ્યાની સંખ્યા :** ૨૫
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧-૩-૨૦૧૦

❑ **ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા : નવી દિલ્હી**
**જગ્યાનું નામ :** મેનેજમેન્ટ ટ્રેઈની (મેનેજર-એકાઉન્ટ/ ટેકિનકલ), આસિ. (હિન્દી), ટાઈપીસ્ટ
**જગ્યાની સંખ્યા :** ૭૦
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧-૩-૨૦૧૦
વેબસાઈટ **http://specialtest.in/fci**

❑ **CO 5121 ASC BN (MT) : પઠાણ કોટ**
**જગ્યાનું નામ :** સિવિલિયન ડ્રાઈવર, એલડીસી
**જગ્યાની સંખ્યા :** ૦૬
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૨-૩-૨૦૧૦

❑ **મઝગાંવ ડોક લિ. : મુંબઈ**
**જગ્યાનું નામ** : ડે. જનરલ મેનેજર (ટેક.)
**જગ્યાની સંખ્યા :** ૧૦
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૬-૨-૨૦૧૦
વેબસાઈટ : **www.mazagondock. gov.in**

### પરિણામ જાહેર

❑ **સ્ટાફ સિલેકશન કમિશન (નોર્થ ઈસ્ટ રીજીયન)**
એકાઉન્ટન્ટ એન્ડ ઓડિટર એકઝામિનેશનનું અંતિમ પરિણામ

❑ **હેડ કર્વાટર્સ - આંદામાન એન્ડ નિકોબાર કમાન્ડ-પોર્ટબ્લેર**
ફાયરમેન ગ્રેડ- II નું અંતિમ પરિણામ
***(વિગતવાર જાણકારી માટે ૩૦-૧-૨૦૧૦ નો એમ્પ્લોયમેન્ટ ન્યૂઝનો અંક જોવો)***

❑ **ઉત્તર બિહાર ગ્રામીણ બેંક : મુઝફ્ફરપુર**
**જગ્યાનું નામ** : ઓફિસર
**જગ્યાની સંખ્યા :** ૮૮
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૬-૩-૨૦૧૦

❑ **સેન્ટ સ્ટીફન્સ કોલેજ :** નવી દિલ્હી
**જગ્યાનું નામ :** આસિસ્ટન્ટ પ્રોફેસર
**જગ્યાની સંખ્યા :** ૨૯
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૫-૩-૨૦૧૦
વેબસાઈટ : **www.ststephens.edu**

❑ **ડાયરેકટોરેટ ઓફ લાઈટ હાઉસીસ એન્ડ લાઈટ શીપ્સ : મુંબઈ**
**જગ્યાનું નામ :** આસિ. લાઈટકિપર (જુ.સ્કેલ)
**જગ્યાની સંખ્યા :** ૨૮
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૧-૩-૨૦૧૦

❑ **સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ : ભાવનગર**
**જગ્યાનું નામ :** ટેકિનકલ ઓફિસર- **B/A** ગ્રુપ, જુ. ટેકનિકલ આસિ.
**જગ્યાની સંખ્યા :** ૫
કોરા અરજી ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ : ૨૬-૨-૨૦૧૦
ભરેલા અરજી ફોર્મ પરત કરવાની છેલ્લી તારીખ : ૨૬-૩-૨૦૧૦

❑ **નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ : હૈદરાબાદ**
**જગ્યાનું નામ :** પ્રોફેસર, ઓસેસિએટ પ્રોફેસર, આસિ. પ્રોફેસર
**જગ્યાની સંખ્યા :** ૨૩
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૬-૨-૨૦૧૦
વેબસાઈટ **nird.org.in**

❑ **સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ : નવી દિલ્હી**
**જગ્યાનું નામ :** સાયન્ટિસ્ટ
**જગ્યાની સંખ્યા :** ૦૫
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૬-૩-૨૦૧૦
વેબસાઈટ **www.dst.gov.in**

❑ **એન. એમ. ડી.સી.લિ. દાંતેવાડા (છત્તીસ ગઢ)**
**જગ્યાનું નામ :** જુ.ઓફિસર (સિવિલ/જુ.ઓફિસર (સિવિલ), જુ ઓફિસર (ટ્રેઈની)
**જગ્યાની સંખ્યા :** ૧૬
**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૫-૨-૨૦૧૦
***(વિગરવાર જાહેરાત માટે તા. ૬-૨-૨૦૧૦ નો એમ્પ્લોયમેન્ટ ન્યૂઝનો અંક જોવો)***

### પરિણામ જાહેર

❑ **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા : મુંબઈ**
**મેનેજમેન્ટ એકિઝકયૂટીવની ૫૦૦ જગ્યાઓ માટેનું અંતિમ પરિણામ**
(વિગતવાર પરિણામ માટે **http://www.statebank of india.com, http://sbi.co.in** જોવી)

## ઇન્ટરવ્યૂ દરમિયાન પ્રશ્નો : ક્વેશ્ચન બેન્ક

ઈન્ટરવ્યૂ દરમિયાન ૩૩ ટકા ઉમેદવારો ખોટું બોલે છે- રસપ્રદ સર્વેક્ષણનું આ તારણ છે. ભારતમાં માન્સ્ટર ઇન્ડિયા ડોટ કોમ કંપની એ ઓસ્ટ્રેલિયાની ઈકોર્પ લિમિટેડ તથા માન્સ્ટર ડોટ કોમનું સંયુક્ત સાહસ છે. નોકરી સહાય મેળવવા માટે ઉત્સુક ઉમેદવારો ઈન્ટરવ્યૂ દરમિયાન પોતે પસંદ થઇ જાય તે માટે પોતાની લાયકાત વગેરે વિશે ખોટું બોલતા અચકાતાં નથી તેમ આ કંપનીના એક તાજેતરના સર્વેક્ષણમાં બહાર આવ્યું છે.

આ બાબતથી સૌને આશ્ચર્ય થાય, પણ આ હકીકતને ઈન્ટરવ્યૂઅર પકડી પાડે છે અને તેથી ઈન્ટરવ્યૂ દરમિયાન પ્રશ્નો પણ એવા આવે છે. આપણે કેટલાંક નમૂનારૂપ પ્રશ્નો જાણીએ. આદર્શ ઈન્ટરવ્યૂ મુજબના પ્રશ્નો છે. (ક્વેશ્ચન બેન્ક કહેવાય છે.)

**(A) પરિચય :**

(૧) આપના વિશે અમોને કંઇક જણાવો. (૨) આપની શક્તિ અંગે આપ શું માનો છો? (૩) આપના રસના વિષયો ક્યા ક્યા છે? (૪) આપની ખાસિયત શી શી છે? (૫) આપની સૌથી મોટી મર્યાદા કઇ છે? (૬) આપના કુટુંબ વિશે માહિતી શું છે? વિગતવાર જણાવશો.

**(B) એચિવમેન્ટ :**

(૧) આપે કૉલેજનો જ અભ્યાસ કરવાનું શા માટે પસંદ કર્યું? (૨) શાળા-કોલેજ કક્ષામાં આપના પ્રિય વિષયો ક્યા હતા? (૩) શૈક્ષણિક ક્ષેત્રે આપની સિદ્ધિઓ કઇ છે? (૪) આપની દૃષ્ટિથી શૈક્ષણિક લાયકાતનું શું મહત્વ છે? (૫) આપ કેવી જોબની શોધમાં છો? (૬) આ ફિલ્ડમાં આવવાનો આપનો શું આશય છે? (૭) આપને કર્મચારી મૅનેજમેન્ટની કોઇ કામગીરીનો અનુભવ છે? (૮) આંકડાકીય કાર્ય વિશે આપ શું જાણો છો? (૯) વાણિજ્યના સ્નાતક થયાં તો CA કે CFA વિશે કેમ કંઇ વિચારેલ જણાતું નથી. (૧૦) કોમ્પ્યૂટર પર કાર્ય કરી શકો છો?

**ઈન્ટરવ્યૂ ટેકનિકસ**
**આર. એન. કોટક**

**(C) ઑબ્જેક્ટસ :**

(૧) આ કંપની અંગે આપ કંઇ પ્રકાશ ફેંકો. (૨) આ કંપનીના ચેરમેનનું નામ કહેશો? (૩) આપ અહીં શા માટે જોબ કરવા ઇચ્છો છો? (૪) આપના બોસ સાથે કેવી રીતે કાર્ય કરશો? (૫) કેવા પ્રકારના લોકો સાથે કાર્યમાં અડચણ આપને થાય તેમ છો? (૬) કંપનીના મંદીના સમયે શું કરશો? (૭) Can you work under pressure or not ? (૮) અન્યને પ્રેરણારૂપ આ કંપનીમાં કેમ થશો?

**(D) કરન્ટ ઈવેન્ટ્સ :**

(૧) આપની ઇતર પ્રવૃત્તિઓ જણાવો. (૨) Which English News papers do you read ? (૩) દેશમાં કેટલી ન્યૂઝ એજન્સીઓ છે? (૪) પ્રસાર ભારતી શું છે? (૫) વર્લ્ડ કપ ક્રિકેટ ક્યા દેશમાં, ક્યારથી શરૂ થનાર છે? (૬) તાજેતરની ગુજરાત વિધાનસભાની ચૂંટણીની આગવી લાક્ષણિકતા સંક્ષિપ્તમાં જણાવી શકશો.

**(E) સંવેદનશીલતા :**

(૧) આપને અત્યાર સુધી જોબ કેમ મળી નથી? (૨) તાજેતરમાં આપનું કંઇ સ્પેશીયલ એચિવમેન્ટ છે? (૩) મેડમ, આપ નારાજ ન થશો પણ હજુ સુધી અનમેરિડ કેમ રહ્યા છો? (૪) મિસ્ટર આપનો કર્મચારી કામ બાબત વધુ ગુસ્સે થઇ આપને લાફો મારી દે તો શું કરશો? (અમેરિકા જેવા દેશમાં પ્રશ્ન ૩-૪ સામાન્ય રીતે પૂછી શકાતા નથી.)

**(F) અપેક્ષાઓ :**

(૧) આ કંપનીમાં પાંચ-સાત વર્ષે ક્યાં સુધી પહોંચવાની આકાંક્ષા છે? (૨) આ કંપનીમાં કોઇ પસંદગીના કાર્યની અપેક્ષા છે? (ઉમેદવારને પ્રશ્નો પૂછવાનું કહે, તો) (૩) મારી કામગીરીનો માપદંડ શું હશે? (૪) કંપનીની રમતગમત જેવી પ્રવૃત્તિમાં મને રસ લેવાની તક મળશે?

યુવા મિત્રો, આ સંક્ષિપ્ત ૪૦ જેટલા પ્રશ્નોમાં આપણે ક્યાંય ખોટું બોલવા જેવું લાગે છે. ઈન્ટરવ્યૂમાં આટલા પ્રશ્નો આવતા નથી, સમય પણ નથી રહેતો. આ આદર્શ કાલ્પનિક પ્રશ્નો છે. ઈન્ટરવ્યૂઅર પોતાની સ્ટાઈલથી આ પ્રશ્નોમાં પેટા પ્રશ્નો, ચર્ચા લાવી શકે છે. સ્વસ્થતા, સતર્કતા અને સચ્ચાઇ જાળવવાથી સફળતા તરફ જઇ શકાય છે તે યાદ રાખવું. એક વાત ખાસ, ઈન્ટરવ્યૂના વેઈટિંગ હોલમાં ખાસ ઉમેદવારને વાંચન માટે કેટલાક સામયિકો ઇરાદાપૂર્વક રખાય છે તેમાંથી પણ પ્રશ્નો આવી શકે છે! હવે પછી, 'મૉડેલ' નમૂનારૂપ ઈન્ટરવ્યૂ આપીશું.

**જનરલ નોલેજ ક્વિઝ કોર્નર**
**આર. એન. કોટક**

**(૧) વેળાવદરનું અભ્યારણ શાના માટે જાણીતું છે ?**
(A) કાળિયાર (B) સુરખાબ
(C) સિંહ (D) ઘુડખર

**(૨) બુલંદ દરવાજાની ઇમારત ક્યાં આવી ?**
(A) દિલ્હી (B) આગ્રા
(C) ફતેપુર સિક્રી (D) લખનૌ

**(૩) 'દાદા સાહેબ ફાળકે' એવોર્ડ ક્યા ક્ષેત્રમાં અપાય છે ?**
(A) સાહિત્ય (B) સંગીત
(C) ફિલ્મ (D) રેડિયો કાર્યક્રમ

**(૪) તિરુપતિનું મંદિર ક્યા રાજ્યમાં આવેલુ છે ?**
(A) તાલિમનાડુ (B) કર્ણાટક
(C) કેરળ (D) આંધ્ર

**(૫) પંચમઢી ક્યા રાજ્યનું હિલ સ્ટેશન છે ?**
(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ
(C) ઉત્તર પ્રદેશ (D) બિહાર

**(૬) 'દૂસરા' શબ્દને કઇ રમત સાથે સંબંધ છે ?**
(A) ક્રિકેટ (B) ફૂટબોલ
(C) હોકી (D) બેડમિન્ટન

**(૭) વેટ ક્યા ટેક્સના સ્થાને લાગુ કરાયો છે ?**
(A) આવકવેરા (B) કેન્દ્રીય વેચાણવેરા
(C) એક્સાઇઝ ડ્યૂટી (D) વેચાણવેરા

**(૮) મરીના બીચ ક્યાં આવ્યો છે ?**
(A) મુંબઇ (B) ચેન્નાઇ
(C) ગોવા (D) કોલકાતા

**(૯) આમાંનો ક્યો ટેક્ષ રાજ્ય સરકાર દ્વારા નાખવામાં આવે છે ?**
(A) ઓક્ટ્રોય (B) આવકવેરો
(C) એસ્ટેટ ડ્યૂટી (D) સર્વિસ ટેક્ષ

**(૧૦) ગુજરાતનો સમુદ્રતટ કેટલા કિલોમીટર લાંબો છે ?**
(A) 1600 (B) 2000
(C) 1000 (D) 1200

**(૧૧) સુરસાગર તળાવ ક્યા શહેરમાં આવેલું છે ?**
(A) સુરત (B) જામનગર
(C) વિરમગામ (D) વડોદરા

**(૧૨) ડાંગ જિલ્લાનું મુખ્ય મથક ક્યું ?**
(A) છોટા ઉદેપુર (B) ધરમપુર
(C) વાંસદા (D) આહવા

**(૧૩) તરણેતરનો મેળો ક્યા જિલ્લામાં ભરાય છે ?**
(A) સુરેન્દ્રનગર (B) રાજકોટ
(C) અમરેલી (D) ભાવનગર

**(૧૪) નીલમબાગ પેલેસ ક્યા શહેરમાં છે ?**
(A) જામનગર (B) વડોદરા
(C) ભાવનગર (D) મોરબી

**(૧૫) જ્યાં ગાંધીજીનું બાળપણ વીત્યુ હતુ તે 'કબા ગાંધીનો ડેલો' ક્યા શહેરમાં આવેલો છે ?**
(A) પોરબંદર (B) રાજકોટ
(C) ભાવનગર (D) અમદાવાદ

**(૧૬) મરીન નેશનલ પાર્ક ક્યા ટાપુ પર આવેલો છે ?**
(A) પિરમ (B) બેટ દ્વારકા
(C) પિરોટન (D) છાડબેટ

**(૧૭) નીચેનામાંથી ગુજરાતના ક્યા જિલ્લાની સરહદ મધ્યપ્રદેશને મળે છે ?**
(A) પંચમહાલ (B) ડાંગ
(C) બનાસકાંઠા (D) સાબરકાંઠા

**(૧૮) કાળો ડુંગર ક્યા જિલ્લામાં આવેલો છે ?**
(A) જૂનાગઢ (B) કચ્છ
(C) ડાંગ (D) ભાવનગર

**(૧૯) સંખેડા શાના માટે વખણાય છે ?**
(A) શંખની વસ્તુઓ માટે (B) સાડીઓ
(C) ફર્નિચર (D) રમકડાં

**(૨૦) જો તમે જયપુરથી વારાણસી જાઓ અને ત્યાંથી લખનૌ થઇ નાગપુર આવો તો લખનૌથી નાગપુરથી યાત્રા કઇ દિશામાં થાય ?**
(A) ઉત્તર (B) પૂર્વ
(C) પશ્ચિમ (D) દક્ષિણ

**(૨૧) ગુજરાત રાજ્યની સૌથી મોટી ડેરી કઈ છે ?**
(A) દૂધ સાગર (B) અમુલ
(C) સાગર (D) આ પૈકી કોઈ નથી

**(૨૨) લોક અદાલતના નિર્ણયના વિરૂધ્ધમાં ક્યાં અપીલ કરી શકાય છે ?**
(A) જિલ્લા ન્યાયાલયમાં (B) ઉચ્ચ ન્યાયાલયમાં
(C) રાજ્ય ન્યાયિક ક્ષેત્રમાં (D) કોઈ અપીલ થતી નથી.

**(૨૩) ન્યાયિક સેવા પ્રાધીકરણ અધિનિયમની કઈ કલમ લોક ન્યાયાલયની રચના કરવાનો અધિકાર આપે છે ?**
(A) કલમ ૧૯ (B) કલમ ૨૦
(C) કલમ ૨૧ (D) કલમ ૧૯-એ

**(૨૪) રાજ્યની ન્યાયિક સેવા પ્રાધીકરણના મુખ્ય સંરક્ષણ કોણ હોય છે ?**
(A) રાજ્યપાલ (B) મુખ્ય ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ.
(C) મુખ્યમંત્રી (D) કાયદામંત્રી

**(૨૫) માહિતીના અધિકાર અધિનિયમ-૨૦૦૫માં માહિતીના અધિકારની વ્યાખ્યા ક્યા અપાયેલ છે ?**
(A) ધારા (૨) એરૂ (B) ધારા (૨) એચ એ રૂ
(C) ધારા (૨) જે (D) ધારા (૨) કે

**(૨૬) માહિતી અધિકારના અધિનિયમ ૨૦૦૫ મુજબ કેન્દ્રીય માહિતી કમિશનરની વધુમાં વધુ સંખ્યા કેટલી હોય છે ?**
(A) ૯ (B) ૧૦
(C) ૮ (D) ૧૨

**(૨૭) માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ કેટલા અધ્યાય અને કલમોમાં વિભાજત છે ?**
(A) અધ્યાય VI કલમ ૩૧ (B) અધ્યાય VII કલમ ૩૦
(C) અધ્યાય V કલમ ૩૧ (D) અધ્યાય VII કલમ ૩૬

**(૨૮) રાષ્ટ્રીય માનવ અધિકારના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ?**
(A) ન્યાયમૂર્તિ રંગનાથ મિશ્રા (B) ન્યાયમૂર્તિ ફાતિમા બીબી
(C) ન્યાયમૂર્તિ એસ.એસ.ડાંગ (D) ન્યાયમૂર્તિ વેંકટચલૈયા

**(૨૯) માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ ક્યારે અમલી થયો ?**
(A) તા.૧૦-૭-૧૯૯૩ થી (B) તા.૨૮-૯-૧૯૯૩ થી
(C) તા.૧૨-૯-૧૯૯૩ થી (D) તા.૧-૧૦-૧૯૯૩ થી

**(૩૦) રાષ્ટ્રપતિના અવસાન, રાજીનામાથી ઉભું થયેલ ખાલી સ્થાન વધારેમાં કેટલા સમયમાં ભરાઈ જવું જોઈએ ?**
(A) ૩ માસ (B) ૬ માસ
(C) ૬૦ દિવસ (D) ૧ (એક) વર્ષ

**(૩૧) ક્યા રાજ્યમાં વિધાનસભા જ છે.**
(A) કર્ણાટક (B) ગુજરાત
(C) મહારાષ્ટ્ર (D) આ બધા જ.

**(૩૨) ભારતીય દંડ સંહિતા ક્યારથી અમલમાં આવી ?**
(A) તા.૬-૧૦-૧૮૬૦ માં (B) તા.૧૦-૧૦-૧૮૬૦ માં
(C) તા.૧-૧-૧૮૬૧ માં (D) તા.૧-૧-૧૮૬૨ માં

**(૩૩) સૂર્યમાં ઉર્જાનું નિયમિત સર્જન શાના લીધે થાય છે ?**
(A) નાભીકીય સંકલન (B) નાભીકીય વિખંડન
(C) રેડિયો સક્રિયતા (D) કૃત્રિમ રેડિયો સક્રિયતા

**(૩૪) વિદ્યુતમોટર ક્યા નિયમ મુજબ કામ કરે છે ?**
(A) ફેરાર્ડના નિયમ (B) લેન્જના નિયમ
(C) ઓહામના નિયમ (D) ફ્લેમિંગના નિયમ

**: જવાબ :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | A | (૨) | C | (૩) | C | (૪) | D |
| (૫) | B | (૬) | A | (૭) | D | (૮) | C |
| (૯) | B | (૧૦) | A | (૧૧) | D | (૧૨) | D |
| (૧૩) | A | (૧૪) | C | (૧૫) | B | (૧૬) | C |
| (૧૭) | A | (૧૮) | B | (૧૯) | C | (૨૦) | D |
| (૨૧) | D | (૨૨) | D | (૨૩) | D | (૨૪) | D |
| (૨૫) | C | (૨૬) | C | (૨૭) | A | (૨૮) | A |
| (૨૯) | B | (૩૦) | B | (૩૧) | B | (૩૨) | D |
| (33) | A | (34) | D | | | | |

E-mail : rameshkotak@yahoo.co.in

**રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડસ**

# વિવિધ આર.આર.બી. માં આસિ. લોકો પાયલોટની ૧૪ હજારથી વધુ જગ્યાઓ માટે કેન્દ્રિયકૃત ભરતી

**ભારતીય રેલવે દ્વારા દેશભરમાં આવેલા ૧૮ જેટલા રેલવે ઝોનમાં આસિ. લોકો પાયલોટની ખાલી પડેલી ૧૪૦૦૦થી પણ વધુ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ભારતીય નાગરિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.**

અરજી સ્વીકારવાની છેલ્લી તા. : ૨-૩-૨૦૧૦

જગાની સંખ્યા : ૧૪૦૭૯

સેન્ટ્રલાઈઝેશન જા. ક. નં. 01/2010

જે પૈકી અમદાવાદ ઝોન માટે-૧૪૪૦

મહિલા ઉમેદવાર/લઘુમતિ વર્ગ/આર્થિક નબળાં વર્ગના ઉમેદવારોએ અરજી ફી ચૂકવવાની જરૂર નથી.

❑ **જગ્યાનું નામ :** આસિ. લોકો પાયલોટ

❑ **પગાર ધોરણ :** રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ તથા રૂા. ૧૯૦૦ ગ્રેડ પે

***નોંધ : જાહેરાતમાં દર્શાવેલ જગાઓ શારીરિક ક્ષતિ ધરાવતા ઉમેદવારો માટે ભરવાની નથી.***

❑ **ઓનલાઈન અરજી** : ઉમેદવારો વેબસાઈટ ધરાવતી આર.આર.બી., માટે ઓન લાઈન અરજી કરી શકે છે. તે માટે ઉમેદવારોએ વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી ફોર્મ ભરી તેની પ્રિન્ટ આઉટ મેળવી લેવાની રહેશે. ત્યારબાદ પ્રિન્ટ આઉટમાં સહી કરી, ડાબા હાથના અંગૂઠાનું નિશાન લગાવી, જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ, અરજી ફી સાથે સબંધિત આર.આ.બી.ને અરજી મોકલી આપવાની રહેશે.

✱ ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષા, એપ્ટિટ્યૂટ ટેસ્ટ, દસ્તાવેજોની અને ઉમેદવારીની ખરાઇ દ્વારા થશે.

✱ જે ઉમેદવારોએ સબંધીત આર.આર.બી.ની અગાઉ પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે અરજી કરી હોય તેઓ આ સેન્ટ્રલાઇઝ જાહેરાત માટે વિચારણામાં લેવાશે તેથી તેઓએ ફરીથી અરજી કરવાની જરૂર નથી. જે ઉમેદવારોએ અગાઉ અરજી કરી છે તેઓ આ જાહેરાતમાં દર્શાવેલ અન્ય આર.આર.બી. માટે અરજી કરવા ઇચ્છતા હોય તેઓ તે માટે અરજી કરી શકે છે. આવા ઉમેદવાર વધુ બે કે તેથી વધુ આર.આર.બી માટે અરજી કરી શકશે, પરંતુ આવું કરતી વખતે એ બાબત ખાસ ધ્યાનમાં લેવી કે બધી જ આર.આર.બી. દ્વારા આ જગ્યા માટે એક જ દિવસે પરીક્ષા યોજવામાં આવશે તેથી ઉમેદવાર કોઇપણ એક જ આર.આર.બી. માટે ઉપસ્થિત રહી શકશે.

❑ **જગ્યાની વિગતો :**

| Name of RRB | Indenting Rly | Number of Vacancies (Notified in the past but exam. yet to be held plus being notified afresh) | | | | | | Earlier Notification (Cat. No. Notification No.) | Suitablity For PWD | Medical Standard | Narmal age limit As on 1-7-2010 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | UR | SC | ST | OBC | Total | Ex SM | | VH/HH/OH | | |
| Ahmedabad | WR | 790 | 201 | 89 | 360 | 1440 | 144 | - | Not Suitable | A-1 | 18-30 |
| Ajmer | NWR | 349 | 102 | 54 | 188 | 693 | - | 1(1/2009) | | | |
| Allahabad | NCR | 485 | 89 | 44 | 108 | 726 | 72 | 17(1/2009) | | | |
| | NR | 151 | 45 | 23 | 81 | 300 | 30 | | | | |
| Bangalore | SWR | 626 | 148 | 63. | 100 | 942 | 94 | | | | |
| Bbopal | WR | 95 | 28 | 14 | 51 | 188 | 19 | | | | |
| Bhubaneshwar | ECoR | 233 | 77 | 41 | 98 | 449 | 45 | | | | |
| Bilaspur | CR | 225 | 70 | 34 | 121 | 450 | 45 | | | | |
| | SECR | 454 | 138 | 88 | 243 | 923 | 92 | | | | |
| Chandigarh | NR | 164 | 49 | 24 | 87 | 324 | 32 | 19(1/2009) | | | |
| Chennaii | SR | 109 | 36 | 22 | 60 | 227 | 23 | 22 (1/2009) | | | |
| Guwahati | NFR | 328 | 119 | 59 | 214 | 720 | 72 | 1 (1/2008) | | | |
| Jammu & Srinagar | NR | 106 | 32 | 16 | 56 | .210 | 21 | | | | |
| Kolkata | SER | 114 | 42 | 21 | 75 | 252 | 25 | | | | |
| | ER | 623 | 185 | 93 | 333 | 1234 | 123 | | | | |
| Mumbai | WR | 95 | 28 | 14 | 51 | 188 | 19 | | | | |
| | CR | 792 | 245 | 119 | 428 | 1584 | 158 | | | | |
| Muzaffarpur | ECR | 141 | 99 | 39 | 73 | 352 | 35 | 2(1/08-09) | | | |
| Patna | ECR | 286 | 86 | 66 | 53 | 491 | 49 | 55/58(1/08-09) | | | |
| Ranchi | SER | 254 | 92 | 46 | 1.67 | 559- | 55 | | | | |
| | ECR | 102 | 51 | 25 | 97 | 275 | 28 | | | | |
| Secunderabad | SCR | 361 | 178 | 89 | 374 | 1002 | 38 | | | | |
| | ECoR | 143 | 128 | 90 | 61 | .422 | 43 | | | | |
| Thiruvanantha Puram | SR | 58 | 23 | 18 | 29 | 128 | 13 | 121(JENo1/09) | | | |
| | Total | 7084 | 2291 | 1196 | 3508 | 14079 | 1279 | | | | |

❑ **શૈક્ષણિક લાયકાત :** ઉમેદવાર મેટ્રિક્યુલેશન અથવા ૧૦+ ૨ અંતર્ગત તેને સમકક્ષ તથા SCVT/NCVT માન્ય નીચે પૈકીના કોઇ એક ટ્રેડમાં એકટ એપ્રેન્ટિસ હેઠળ કોર્સ પૂર્ણ કર્યો હોય અથવા આઇ.ટી.આઇ. કર્યુ હોવું જોઇએ.

ફીટર, ઇલેક્ટ્રિશીયન, ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનિક, મિકેનિક રેડિયો એન્ડ ટી.વી., મીલ રાઇટ, મેન્ટેનન્સ મિકેનિક, ઇલેક્ટ્રોનિક્સ મિકેનિક, મિકેનિક મોટર વ્હીકલ, વાયરમેન, ટ્રેક્ટર મિકેનિક, આર્મેચર અને કોઇલ વાઇન્ડર, મિકેનિક ડિઝલ, હીટ એન્જિન, ટર્નર, મશીનીસ્ટ, રેફ્રીજરેશન એન્ડ એ.સી. મિકેનિક અથવા આઇ.ટી.આઇ.ના બદલે AICTE માન્ય ઇલેક્ટ્રિકલ/ મિકેનિકલ/ઇલેક્ટ્રોનિક્સ/ઓટો મોબાઇલ એન્જિનિયરીંગનો ડિપ્લોમા.

✱ ઉમેદવાર AICTE માન્ય ઇલેક્ટ્રિકલ/મિકેનિકલ/ ઇલેક્ટ્રોનિક્સ/ઓટો મોબાઇલ એન્જિનિયરીંગમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો તેઓ પણ લાયક ગણી શકાશે.

❑ **તબીબી ધોરણ :** A-1 હોવું જોઇએ.

❑ **ટૂંકાક્ષરો :** AICTE ઓલ ઇન્ડીયા કાઉન્સિલ ઓફ ટેકિનકલ એજ્યુકેશન, CR-સેન્ટ્રલ રેલવે, ECoR-ઇસ્ટ કોસ્ટ રેલવે, ECR-ઇસ્ટ સેન્ટ્રલ રેલવે, ER-ઇસ્ટર્ન રેલવે, GP-ગ્રેડ પે, NCVT-નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઇનીંગ, NR-નોર્ધન રેલવે, NCR-નોર્થ રેલવે, NWR-નોર્થ વેસ્ટર્ન રેલવે, NFR-નોર્થ ઇસ્ટ ફ્રન્ટીયર રેલવે, SCVT-સ્ટેટ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઇનીંગ, SER-સાઉથ ઇસ્ટર્ન રેલવે, SCR-સાઉથ સેન્ટ્રલ રેલવે, SWR-સાઉથ વેસ્ટર્ન રેલવે, SECR-સાઉથ ઇસ્ટ સેન્ટ્રલ રેલવે, WR-વેસ્ટર્ન રેલવે, WCR-વેસ્ટ સેન્ટ્રલ રેલવે

❑ **વયમર્યાદા :**

વયમર્યાદા તા. ૧-૭-૨૦૧૦ના રોજની ગણવામાં આવશે.

✱ ઉમેદવારોને જરૂરી પ્રમાણપત્રો રજૂ કર્યા બાદ નીચે જણાવ્યા મુજબ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

✱ સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ધરાવનાર અ.જા./અ.જ.જા. ઉમેદવારોને ૫ વર્ષની અને અ.પ.વ. ઉમેદવારોને ૩ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

✱ છૂટક મજૂરો સહિતના રેલવેના ગ્રુપ 'સી' અને 'ડી' ના કર્મચારીઓ કે જેઓએ ઓછામાં ઓછી ત્રણ વર્ષ સતત સેવા બજાવી છે તેઓને બિનઅનામત ઉમેદવારોના કિસ્સામાં ૪૦ વર્ષની વય સુધી, અ.પ.વ. ઉમેદવારોના કિસ્સામાં ૪૩ વર્ષ સુધી અને અ.જા./અ.જ.જા. ઉમેદવારોના કિસ્સામાં ૪૫ વર્ષ સુધી ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

✱ રેલવે કેન્ટીન, રેલવે ઇન્સ્ટિટ્યૂટ અને રેલવે સહકારી મંડળીઓ વગેરે જેવી અર્ધસરકારી સંસ્થાઓના કર્મચારીઓના કિસ્સામાં, તેઓએ બજાવેલી ફરજની મુદત ના આધારે વધુમાં વધુ ૫ વર્ષની મુદત સુધી ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

✱ વિધવાઓ અને છૂટાછેડા લીધેલી સ્ત્રીઓ કે જેઓ પોતાના પતિથી કાયદેસર અલગ થઈ છે અને પુનઃલગ્ન કર્યું નથી તેઓને બિનઅનામતના કિસ્સામાં ૩૫, અ.પ.વ.ના કિસ્સામાં ૩૮ અને અ.જા./અ.જ.જા.ના કિસ્સામાં ૪૦ વર્ષની વય સુધી, ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

✱ એક્ટ એપ્રેન્ટિસ હેઠળ કોર્સ પૂર્ણ કરનાર ઉમેદવાર જે જગ્યા માટે અરજી કરવા માગતા હોય તેની લઘુત્તમ લાયકાત આઇ.ટી.આઇ./એક્ટ એપ્રેન્ટિસ હોય તો તેઓને એપ્રેન્ટિસની તાલીમ જેટલી સમયની છૂટ વય મર્યાદામાં મળી શકશે.

✱ બિનઅનામત જગાઓ પર અરજી કરતા અ.જા./અ.જ.જા./ અ.પ.વ.ના ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટનો લાભ આપવામાં આવશે નહિ.

✱ **નોંધ :** *એક્સ-સર્વિસમેનને નિયમોનુસાર વયમર્યાદામાં છૂટ મળશે.*

❑ **ઉમેદવારો માટેની સૂચનાઓ :**

✱ દર્શાવેલી જગાઓની સંખ્યા કામચલાઉ છે અને તેમાં વધારો કે ઘટાડો થવાની શક્યતા છે. આ કારણે ઉમેદવારોને થતું નુકસાન કે ફી પરત આપવામાં આવશે નહિ. મહિલાઓ પણ અરજી કરવાને પાત્ર છે. પરંતુ તેઓએ એ વાતની નોંધ લેવી કે ફરજનો પ્રકાર કઠિન છે અને આઉટડોર ફરજ પણ બજાવવાની રહે છે.

✱ પસંદગી પામેલા ઉમેદવારોને, જ્યાં તાલીમ નિયત કરવામાં આવી છે ત્યાં તે સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ સંબંધિત રેલવે/ડિવિઝનમાં કોઈપણ સ્થળે નિમણૂક આપી શકાશે.

✱ તમામ ઉમેદવારો જાતિના બાધ વિના બિનઅનામત જગા માટે ધ્યાનમાં લેવામાં આવશે. તેમ છતાં ચોક્કસ જાતિના ક્વોટા સામે માત્ર જે તે જાતિના ઉમેદવારોને જ ધ્યાનમાં લેવામાં આવશે. અનામત જગાઓમાં પોતાની ગણના થાય એ માટે

(૧) અ.જા./અ.જ.જા. અને અ.પ.વ. ઉમેદવારોએ સક્ષમ અધિકારી પાસેથી નિયત નમૂનામાં જાતિ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) જાતિ અંગેના પ્રમાણપત્ર ઉપરાંત અ.પ.વ. ઉમેદવારોએ પરિશિષ્ટ-૫ મુજબ આપેલું કબૂલાતનામું સ્વહસ્તાક્ષરમાં સામેલ કરવાનું રહેશે.

(૩) જો કોઈ ઉમેદવાર ચોક્કસ જાતિના ક્વોટા સામે પોતાની ગણના થાય એમ ઇચ્છતા હોય તેમજ જાતિના કોલમ આગળ તે મુજબ નિશાની કરી હોય તો તેઓએ નિયત નમૂનામાં જાતિનો પુરાવો સામેલ કર્યો નહિ હોય તો અરજી રદ કરવામાં આવશે.

✱ અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે લાયકાતનાં અને અન્ય ધોરણો ધરાવે છે કે નહિ તેની ખાતરી કરી લેવી. આર.આર.બી. ભરતીના કોઈપણ તબક્કે જરૂરી ધોરણો નહિ ધરાવનારની અરજી રદ કરી શકશે અને તેમને નિમણૂક આપી હશે તો પણ આવા ઉમેદવારને પાછળથી નોકરીમાંથી દૂર કરવામાં આવશે.

✱ ઉમેદવાર અરજી કરવાના સમયે નિર્ધારિત લાયકાત ધરાવતા હોવા જોઇએ. અંતિમ વર્ષની પરીક્ષામાં બેઠા હોય/પરિણામની રાહ જોતા હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહિ.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

✱ અરજી સારી ગુણવત્તાવાળા એ-૪ સાઇઝના (80 GSM) કાગળમાં, કાગળની એક જ બાજુએ કરવી. અરજી નિયત નમુના મુજબ જ કરવી. જરૂરી માહિતી ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં જ આપવી. અરજી અંગ્રેજી અથવા હિન્દી ભાષામાં જ કરવી અને

**(અનુસંધાન પાન નં.૫ ઉપર)**

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.*